**Paper Code – 4084**

## M.A. Sem – 3 SANSKRIT (New Course)
## Mar-Jun - 2021
## EC-304 – તારકભાષા કેશવમિત્ર (Theory)

**કુલ સમય :– ૬૦ મીનીટ** **કુલ પ્રશ્નો : ૫૦** **વિદ્યાર્થીએ ટીક કરવાના પ્રશ્નો : ૩૫**

**નોંધ : વિદ્યાર્થીએ માત્ર ૩૫ પ્રશ્નો જ ટીક કરવાના રહેશે. જો વધારે ટીક કરેલ હશે તો પ્રથમ ૩૫ પ્રશ્નો જ ગણતરીમાં લેવામાં આવશે.**

(૧) તર્કભાષાના રચયિતાનું નામ શું છે ?
(A) કેશવમિશ્ર (B) અન્નંભટ્ટ (C) ભાસર્વજ્ઞ (D) લૌગાક્ષિ ભાસ્કર

(૨) ન્યાયસૂત્ર પરનું ઉપલબ્ધ સૌથી પ્રાચીન ભાષ્ય કોનું છે ?
(A) ઉદ્યોતકર (B) વરદરાજ (C) વાત્સ્યાયન (D) વિશ્વનાથ

(3) વૈશેષિકદર્શનના પ્રણેતા કોણ છે ?
(A) પતંજલિ (B) કણાદ (C) જૈમિનિ (D) બાદરાયણ

(૪) નવ્ય-ન્યાયનો આકરગ્રંથ કયો ગણાય છે ?
(A) ન્યાયસૂત્ર (B) વૈશેષિક સૂત્ર (C) ન્યાયમંજરી (D) તત્વચિંતામણિ

(૫) કેશવમિશ્રના પિતાનું નામ શું હતું ?
(A) ગોવર્ધનાચાર્ય (B) પદ્મનાભ (C) બલભદ્ર (D) નારાયણસ્વામી

(૬) તર્કભાષામાં કેટલા પદાર્થોનું નિરૂપણ કરવામાં આવ્યું છે ?
(A) ૧૬ (B) ૭ (C) ૯ (D) ૧૧

(૭) પ્રમાના કરણને શું કહે છે ?
(A) સ્મૃતિ (B) અનુભવ (C) અનુમાન (D) પ્રમાણ

(૮) કાર્યની પૂર્વે જે નિયત રૂપે રહે છે અને જે અન્યથાસિદ્ધ નથી તેને શું કહેવામાં આવે છે ?
(A) કરણ (B) કારણ (C) કાર્યત્વ (D) ક્રિયા

(૯) અનુમિતિરૂપ યથાર્થ અનુભાવના કરણ કે સાધનને શું કહે છે ?
(A) પ્રત્યક્ષપ્રમાણ (B) ઉપમાનપ્રમાણ (C) અનુમાનપ્રમાણ (D) શબ્દપ્રમાણ

(૧૦) બે અયુતસિદ્ધ પદાર્થો વચ્ચે કયો સંબંધ હોય છે ?
(A) સમવાય (B) કાર્ય-કારણભાવ (C) સંયોગ (D) વિશેષણ-વિશેષ્યભાવ

(૧૧) તંતુસંયોગ એ પટનું કયુ કારણ છે ?
(A) સમવાયીકારણ (B) ઉપાદાનકારણ (C) નિમિત્તકારણ (D) અસમવાયિકારણ

(૧૨) ઇન્દ્રિયાર્થ સંનિકર્ષ કેટલા પ્રકારનો છે ?
(A) ૯ (B) ૬ (C) ૪ (D) ૧૦

(૧૩) ચક્ષુ અને ઘટરૂપનો સંનિકર્ષ કયો છે ?
(A) સંયુક્ત-સમવાય (B) સંયોગ (C) સમવાય (D) સંયુક્ત-સમવેત સમવાય

(૧૪) વ્યાપ્તિના બળથી જે અર્થનું જ્ઞાન કરાવે તેને શું કહે છે ?
(A) સાધ્ય (B) અનુમાન (C) લિંગ (D) અતિવ્યાપ્તિ

(૧૫) 'पर्वतोऽयमग्निमान्' આ કયુ વાક્ય છે ?
(A) ઉદાહરણ (B) પ્રતિજ્ઞા (C) ઉપનય (D) નિગમન

(૧૬) માત્ર વ્યતિરેક વ્યાપ્તિવાળું જે લિંગ છે તેને શું કહે છે ?
(A) કેવલાન્વયી (B) અન્વયવ્યતિરેકી (C) હેતુ (D) કેવલવ્યતિરેકી

(૧૭) નિશ્ચિત થયેલા સાધ્યવાળા ધર્મીને શું કહે છે ?
(A) પક્ષ (B) સપક્ષ (C) વિપક્ષ (D) અપક્ષ

(૧૮) અસિદ્ધ હેત્વાભાસ કેટલા પ્રકારનો છે ?
(A) ૫ (B) ૨ (C) 3 (D) ૭

(૧૯) સવ્યભિચાર હેત્વાભાસનું બીજું નામ શું છે ?
(A) અનૈકાન્તિક (B) વ્યાપ્યત્વાસિદ્ધ (C) વિરુદ્ધ (D) પ્રકરણસમ

(૨૦) જે હેતુના સાધ્યનો અભાવ પ્રત્યક્ષાદિ પ્રમાણથી પક્ષમાં નિશ્ચિત થઇ ગયો હોય તેને કયો હેત્વાભાસ કહે છે?
(A) સવ્યભિચાર (B) સત્પ્રતિપક્ષ (C) વિરુદ્ધ (D) કાલાત્યયાપદિષ્ટ

(૨૧) આપ્ત પુરુષના વાક્યને કયુ પ્રમાણ કહેવામાં આવે છે ?
(A) પ્રત્યક્ષ (B) અનુમાન (C) શબ્દ (D) ઉપમાન

(૨૨) આકાંક્ષા, યોગ્યતા અને સંનિધિથી યુક્ત પદોના સમૂહને શું કહેવામાં છે ?
(A) વાક્યાર્થ (B) વાક્ય (C) તાત્પર્યાર્થ (D) પદાંશ

(૨૩) અનુપપદ્યમાન અર્થને જોઇને તેના ઉપપાદક અન્ય અર્થની કલ્પના કરવી તેને શું કહે છે ?
(A) અર્થાપત્તિ (B) અવ્યાપ્તિ (C) અસંભવ (D) ઉપલબ્ધિ

(૨૪) કેશવમિશ્રના મતે પ્રમેયો કેટલા છે ?
(A) ૧૦ (B) ૮ (C) ૧૪ (D) ૧૨

(૨૫) આત્માનું ભોગ સંપાદન કરવાનું સ્થાન કયું છે ?
(A) મન (B) શરીર (C) હૃદય (D) પુરીતત્ નાડી
(૨૬) સ્પર્શની ઉપલબ્ધિમાં સાધનભૂત ઇન્દ્રિય કઇ છે ?
(A) ઘ્રાણ (B) રસના (C) ત્વક્ (D) ચક્ષુ
(૨૭) જે ગુણનું આશ્રયસ્થાન થઇ શકે તેને શું કહે છે ?
(A) દ્રવ્ય (B) આત્મા (C) ક્રિયા (D) ચિત્ત
(૨૮) રૂપ, રસ, ગંધ અને સ્પર્શ આ ચાર ગુણ પૃથ્વીમાં કોના સંયોગથી ઉત્પન્ન થાય છે ?
(A) જળ (B) વાયુ (C) દિશા (D) તેજ
(૨૯) મન કેવા પરિમાણવાળું છે ?
(A) મહત્ (B) અણુ (C) હ્રસ્વ (D) દીર્ઘ
(૩૦) કેશવમિશ્રના મતાનુસાર ગુણો કેટલા છે ?
(A) ૧૮ (B) ૧૦ (C) ૧૨ (D) ૨૪
(૩૧) સંયોગપામતા બંને પદાર્થના કર્મથી ઉત્પન્ન થતા સંયોગને શું કહે છે ?
(A) ઉભયકર્મજ (B) સંયોગજ (C) અન્યતરકર્મજ (D) મિલન
(૩૨) પ્રથમ પતનનું જે અસમવાયિકારણ છે તેને શું કહે છે ?
(A) પરત્વ (B) અપરત્વ (C) ગુરુત્વ (D) વિભાગ
(૩૩) નૈમિત્તિક દ્રવ્યત્વ કયા દ્રવ્યોમાં હોય છે ?
(A) પૃથ્વી (B) જળ (C) તેજ (D) પૃથ્વી અને તેજ
(૩૪) ઉત્પન્ન થયેલો શબ્દ કયા ન્યાયથી સમીપના બીજા શબ્દને ઉત્પન્ન કરે છે ?
(A) કાકતાલીયન્યાય (B) વીચિતરંગન્યાય (C) મત્સ્યન્યાય (D) નીરક્ષીરવિવેકન્યાય
(૩૫) બુદ્ધિ, સુખ, દુઃખ, ઇચ્છા, દ્વેષ અને પ્રયત્ન આ છ ગુણો કેવા છે ?
(A) ચાક્ષુષપ્રત્યક્ષ (B) માનસપ્રત્યક્ષ (C) સ્પાર્શનપ્રત્યાક્ષ (D) શ્રાવણપ્રત્યક્ષ
(૩૬) ધર્મ અને અધર્મ સુખદુઃખનાં કેવા કારણો છે ?
(A) અસાધારણ (B) સાધારણ (C) સહકારી (D) વિશિષ્ટ
(૩૭) કયો સંસ્કાર માત્ર આત્મામાં જ રહે છે ?
(A) વેગ (B) સુસંસ્કાર (C) ભાવના (D) સ્થિતિસ્થાપકતા
(૩૮) કેશવમિશ્રના મતે કર્મના કેટલા પ્રકાર છે ?
(A) 3 (B) ૫ (C) ૧૦ (D) ૧૫
(૩૯) કોઇપણ પદાર્થની ઉત્પત્તિની પહેલાં એ પદાર્થના અભાવને શું કહે છે ?
(A) પ્રધ્વંસાભાવ(B) અત્યન્તાભાવ (C) અન્યોન્યાભાવ (D) પ્રાગભાવ
(૪૦) ‘વાયુમાં રૂપનો અભાવ’ તે કયો અભાવ છે ?
(A) અત્યંતાભાવ(B) સંસર્ગાભાવ (C) સમવાયીઅભાવ (D) સામયિકઅભાવ
(૪૧) ઉપલબ્ધિ, જ્ઞાન, પ્રત્યય કોના પર્યાયવાચી શબ્દો છે ?
(A) બુદ્ધિ (B) ઇચ્છા (C) મન (D) ઉત્સાહ
(૪૨) અયથાર્થ અનુભવ કેટલા પ્રકારનો છે ?
(A) ૨ (B) ૫ (C) ૩ (D) ૭
(૪૩) જે વસ્તુમાં જે ન હોય તે જોવું તેને શું કહે છે ?
(A) ગુણ (B) વિપર્યય (C) દોષ (D) સમજણ
(૪૪) એકવીસ પ્રકારના દુઃખના નાશને શું કહે છે ?
(A) વૈરાગ્ય (B) શાંતિ (C) સુખ (D) અપવર્ગ
(૪૫) એક જ પદાર્થમાં પરસ્પર વિરુદ્ધ અનેક ધર્મોનું જ્ઞાન થવું તેને શું કહે છે ?
(A) સંશય (B) તર્ક (C) પ્રતિયોગી (D) વિપ્રતિપત્તિ
(૪૬) જેનાથી પ્રેરાઇને મનુષ્ય કોઇ કાર્યમાં પ્રવૃત્ત થાય તેને શું કહે છે ?
(A) ફળ (B) જિજ્ઞાસા (C) પ્રયોજન (D) પરિણામ
(૪૭) કોઇ એક શાસ્ત્રનો મત અન્ય શાસ્ત્ર પણ સ્વીકારે તેને કયો સિદ્ધાંત કહે છે ?
(A) સર્વતંત્ર (B) પ્રતિતંત્ર (C) અધિકરણ (D) અભ્યુપગમ
(૪૮) ઇષ્ટ ન હોય તેવા પ્રસંગનું આરોપણ કરવું તે શું છે ?
(A) અનિષ્ટ (B) સંશય (C) દોષારોપણ (D) તર્ક
(૪૯) પોતાના પક્ષની સ્થાપનાથી રહિત હોય તે શું કહેવાય છે ?
(A) કથા (B) વાદ (C) વિતંડા (D) જલ્પ
(૫૦) સાધકતમ કારણને શું કહેવામાં આવે છે ?
(A) કરણ (B) કાર્ય (C) કારણ (D) અનુભવ